તા. ૧૦/૦૯/૨૦૨૪

# કાઉન્સેલીંગ પ્રક્રિયા (BAMS અને BHMS કોર્સ માટે)

પ્રવેશ સમિતિ દ્વારા AACCC/ ભારત સરકાર દ્વારા નિર્ધારિત કર્યા મુજબ સ્ટેટ કાઉન્સેલિંગના ઓન લાઇન રાઉન્ડ કરવામા આવશે. ઉમેદવાર દરેક રાઉન્ડમાં નવેસરથી રજીસ્ટ્રેશન કરાવી શકશે. ઉમેદવારો કાઉન્સેલિંગ માટે પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કરાયેલ નોન-રિફંડેબલ રજીસ્ટ્રેશન PIN ફી અને રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ સાથે રજીસ્ટ્રેશન કરી શકશે.

- રાઉન્ડ-01 માં:
  - મુખ્ય કાઉન્સેલિંગ રજીસ્ટ્રેશન કે જેમાં ઉમેદવાર નોન-રિફંડેબલ રજીસ્ટ્રેશન PIN ફી અને રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટની ચુકવણી સાથે રજીસ્ટ્રેશન કરી, હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટસ વેરિફિકેશન કરાવેલ છે એવા ઉમેદવારે પ્રવેશ સમિતિ દ્વારા જણાવવામાં આવે ત્યારે મર્યાદિત સમયમાં ચોઈસ ફિલિંગ અને ચોઈસ લોક કરવાની રહેશે.
  - રાઉન્ડ-01નું સીટ એલોટમેન્ટનું પરિણામ વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.
  - ઉમેદવારે જો એલોટેડ થયેલ સીટ પર પ્રવેશ મેળવવા માંગતો હોય તો તેઓએ એડમીશન કન્ફર્મ કરવા માટે પોતાના લોગિન થી એપોઇન્ટમેન્ટ લઇ શકશે.
  - ત્યારબાદ ઉમેદવારે જે તે એલોટેડ કોલેજની નિયત ટ્યુશન ફી ભરી અને અસલ પ્રમાણપત્રો પ્રવેશ સમિતિના હેલ્પ સેન્ટર પર જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવા રીપોર્ટીંગ કરીને એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.
  - રાઉન્ડ-01માં (a) નોન એલોટેડ/ (b) એલોટેડ અને નોન રીપોર્ટેડ/ (c) એલોટેડ અને રીપોર્ટેડ ઉમેદવારોને પોતાના જૂના રજીસ્ટ્રેશન સાથે રાઉન્ડ-02 માં ભાગ લેવાની તક આપવામાં આવશે.(ફ્રી એક્ઝીટ સાથે- સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કર્યા વગર)

- <u>રાઉન્ડ-02 માં:</u>
  - જે ઉમેદવારોએ રાઉન્ડ-01 માં રજીસ્ટ્રેશન કરી, હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટસ વેરિફિકેશન કરાવેલ છે. તેઓએ રાઉન્ડ-02 માટે ફરી રજીસ્ટ્રેશન કરાવવાની જરુર નથી.
  - જે ઉમેદવારોએ રાઉન્ડ-01માં રજીસ્ટ્રેશન કરાવેલ નથી તેઓએ રાઉન્ડ-02 માટે નવું રજીસ્ટ્રેશન કરી, હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટસ વેરિફિકેશન કરાવવાનું રહેશે.
  - ઉમેદવાર પ્રવેશ સમિતિ દ્વારા જણાવવામાં આવે ત્યારે મર્યાદિત સમય માં ચોઈસ ફિલિંગ અને ચોઈસ લોક કરવાની રહેશે.
  - રાઉન્ડ-02 નું સીટ એલોટમેન્ટનું પરિણામ વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.

- ઉમેદવારે જો એલોટેડ થયેલ સીટ પર પ્રવેશ મેળવવા માંગતો હોય તો તેઓએ એડમીશન કન્ફર્મ કરવા માટે પોતાના લોગિન થી એપોઇન્ટમેન્ટ લઇ શકશે.
- ત્યારબાદ ઉમેદવારે જે તે એલોટેડ કોલેજની નિયત ટ્યુશન ફી ભરી અને અસલ પ્રમાણપત્રો પ્રવેશ સમિતિના હેલ્પ સેન્ટર પર જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવા રીપોર્ટીંગ કરીને એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.
- જે ઉમેદવારે રાઉન્ડ-02 માં ભાગ લીધેલ છે અને સીટ એલોટ થયેલ હતી, તથા ત્યાર બાદ કોલેજની નિયત ટ્યુશન ફી ભરેલ નથી અને પ્રવેશ સમિતિના હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવેલ નથી એટલે કે પ્રવેશ કન્ફર્મ કરવામાં આવેલ નથી, તેઓની રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત (ફોરફીટ) થયેલ છે, તેવા તમામ ઉમેદવાર રાઉન્ડ-03 માં ભાગ લેવા માટે નવી નોન-રિફંડેબલ રજીસ્ટ્રેશન PIN ફી અને નવી રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ સાથે નવું રજીસ્ટ્રેશન કરી, હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટસ વેરિફિકેશન કરાવવાનું રહેશે.
- જે ઉમેદવારોને સીટ એલોટ કરવામાં આવેલ છે. અને ત્યારબાદ તેઓ ધ્વારા કોર્સની નિયત ટ્યુશન ફી ભરી અને હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવી એડમીશન ઓર્ડર મેળવી પ્રવેશ કન્ફર્મ કરવામાં આવેલ છે, તેઓને રાઉન્ડ-03 માં ભાગ લેવા દેવામાં આવશે.
- રાઉન્ડ-02 માં અપગ્રેડ થતા ઉમેદવારો નો રાઉન્ડ-01 ની પ્રવેશ કન્ફર્મ કરેલ સીટ પર કોઈ દાવો રહેશે નહીં.

❖ <u>રાઉન્ડ-03 (અગાઉ મોપ અપ રાઉન્ડ તરીકે ઓળખાતું) માં:</u>

- જે ઉમેદવારોએ રાઉન્ડ-01 અથવા રાઉન્ડ-02 માં રજીસ્ટ્રેશન કરાવેલ નથી,તેઓએ રાઉન્ડ-03 માટે નવું રજીસ્ટ્રેશન કરી, હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટસ વેરિફિકેશન કરાવવાનું રહેશે.
- જે ઉમેદવારોએ રાઉન્ડ-01 અથવા રાઉન્ડ-02 માં રજીસ્ટ્રેશન કરાવ્યું હોય, હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટસ વેરિફિકેશન કરાવેલ છે અને રાઉન્ડ-02 માં કોઈ પણ સીટ એલોટ થયેલ નથી તેઓએ નવું રજીસ્ટ્રેશન કરાવવાની જરૂર નથી.
- જે ઉમેદવારે રાઉન્ડ-02 માં ભાગ લીધેલ છે અને સીટ એલોટ થયેલ હતી, તથા ત્યાર બાદ કોલેજની નિયત ટ્યુશન ફી ભરેલ નથી અને પ્રવેશ સમિતિના હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવેલ નથી એટલે કે પ્રવેશ કન્ફર્મ કરવામાં આવેલ નથી, તેઓની રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત (ફોરફીટ) થયેલ છે, તેવા તમામ ઉમેદવાર રાઉન્ડ-03માં ભાગ લેવા માટે નવી નોન-રિફંડેબલ રજીસ્ટ્રેશન PIN ફી અને નવી રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ સાથે નવું રજીસ્ટ્રેશન કરી,હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટસ વેરિફિકેશન કરાવવાનું રહેશે.

- જે ઉમેદવારોને રાઉન્ડ-02 માં સીટ એલોટ કરવામાં આવેલ છે. અને ત્યારબાદ તેઓ ધ્વારા કોર્સની નિયત ટ્યુશન ફી ભરી અને હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવી એડમીશન ઓર્ડર મેળવી પ્રવેશ કન્ફર્મ કરવામાં આવેલ છે, તેઓને રાઉન્ડ-03 માં ભાગ લેવા દેવામાં આવશે.
- ઉમેદવારે પ્રવેશ સમિતિ દ્વારા જણાવવામાં આવે ત્યારે મર્યાદિત સમય માં ચોઈસ ફિલિંગ અને ચોઈસ લોક કરવાની રહેશે.
- રાઉન્ડ-03 નું સીટ એલોટમેન્ટનું પરિણામ જાહેર કરવામાં આવશે.
- ઉમેદવારે જો એલોટેડ થયેલ સીટ પર પ્રવેશ મેળવવા માંગતો હોય તો તેઓએ એડમીશન કન્ફર્મ કરવા માટે પોતાના લોગિન થી એપોઇન્ટમેન્ટ લઇ શકશે.
- ત્યારબાદ ઉમેદવારે જે તે એલોટેડ કોલેજની નિયત ટયુશન ફી ભરી અને અસલ પ્રમાણપત્રો પ્રવેશ સમિતિના હેલ્પ સેન્ટર પર જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવા રીપોર્ટીંગ કરીને એડમિશન ઓર્ડર લેવાનો રહેશે. આવા ઉમેદવારોને હવે પછીના ઓલ ઇન્ડિયા/સ્ટેટ ક્વોટા કાઉન્સેલિંગના આગળના કોઈ પણ રાઉન્ડમાં ભાગ લેવા દેવામાં આવશે નહિ. અને તેઓનો પ્રવેશ કોઈ પણ સંજોગોમાં રદ્દ કરી આપવામાં આવેશે નહિ.
- જે ઉમેદવારોને રાઉન્ડ-03 માં સીટ એલોટ થઇ હોય અને ત્યાર બાદ કોલેજની નિયત ટ્યુશન ફી ભરેલ નથી અને પ્રવેશ સમિતિના હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવેલ નથી એટલે કે પ્રવેશ કન્ફર્મ કરવામાં આવેલ નથી, તેઓની રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત (ફોરફીટ) કરવામાં આવશે, અને આ ઉમેદવાર હવે પછીના કોઈ પણ રાઉન્ડમાં ભાગ લેવા માટે લાયક રહેશે નહી.
- રાઉન્ડ-02 માં રીપોર્ટેડ ઉમેદવારો એટલે કે પ્રવેશ કન્ફર્મ કરાવેલ છે તેવા ઉમેદવારો, જેઓ રાઉન્ડ-03 માં અપગ્રેડ થતા નથી તેઓનો પ્રવેશ કોઈ પણ સંજોગોમાં રદ કરી આપવામાં આવશે નહિ તથા તેઓને હવે પછીના આગળના રાઉન્ડમાં ભાગ લેવા દેવામાં આવશે નહિ.
- રાઉન્ડ-03 માં અપગ્રેડ થતા ઉમેદવારોનો રાઉન્ડ-01 અને રાઉન્ડ-02ની પ્રવેશ કન્ફર્મ કરેલ સીટ પર કોઈ દાવો રહેશે નહીં.

❖ <u>રાઉન્ડ 04 (સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ) માં</u> :

- રાઉન્ડ 04 ( સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ)માં ઉમેદવાર નવું રજીસ્ટ્રેશન કરાવી શકશે.
- જે ઉમેદવારોએ રાઉન્ડ-01અથવા રાઉન્ડ-02 અથવા રાઉન્ડ-03 માં રજીસ્ટ્રેશન કરાવેલ નથી, તેવા તમામ ઉમેદવાર રાઉન્ડ-04(સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ) માં નોન-રિફંડેબલ રજીસ્ટ્રેશન PIN ફી અને રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ સાથે નવું રજીસ્ટ્રેશન કરી,હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટસ વેરિફિકેશન કરાવવાનું રહેશે.

- જે ઉમેદવારોને રાઉન્ડ-03 માં સીટ એલોટ થઇ હોય અને ત્યાર બાદ કોલેજની નિયત ટ્યુશન ફી ભરેલ નથી અને પ્રવેશ સમિતિના હેલ્પ સેન્ટર ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવેલ નથી એટલે કે પ્રવેશ કન્ફર્મ કરવામાં આવેલ નથી, તેઓની રિફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત (ફોરફીટ) કરવામાં આવેલ છે, તેવા તમામ ઉમેદવાર રાઉન્ડ-04 માં ભાગ લેવા માટે લાયક રહેશે નહી.
- જે ઉમેદવારો ઓલ ઈન્ડિયા ક્વોટા/ સ્ટેટ કાઉન્સેલિંગના અગાઉના રાઉન્ડ- 01, 02 અને 03 માં કોઈ બેઠક પર પ્રવેશ કન્ફર્મ કરાવેલ હોય અને ઉપરોક્ત પ્રવેશ સ્ટેટ ક્વોટા / ઓલ ઇન્ડિયા ક્વોટા ના રાઉન્ડ-03 પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ હોય,તેઓ રાઉન્ડ-04 (ફાઇનલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ) માં ભાગ લેવા માટે લાયકાત ધરાવતા નથી.
- જે ઉમેદવારો ઓલ ઈન્ડિયા ક્વોટા/ સ્ટેટ કાઉન્સેલિંગના અગાઉના રાઉન્ડ- 01, 02 અને 03 માં કોઈ પણ બેઠક પર પ્રવેશ કન્ફર્મ કરાવેલ "ના" હોય અને આ ઉમેદવારોને રાઉન્ડ-03 માં કોઈ પણ સીટ એલોટ થયેલ ન હોય તેવા ઉમેદવારો રાઉન્ડ-04 (ફાઇનલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ) માં ભાગ લેવા લાયકાત ધરાવે છે.
- સ્ટ્રે વેકેન્સી રાઉન્ડમાં ભાગ લેવા માટે ઓનલાઈન સંમતિ આપ્યા બાદ ફ્રેશ ચોઈસ ફિલિંગની મંજૂરી આપવામાં આવશે. પ્રવેશ ફાળવણીની પ્રક્રિયા ઓનલાઈન મોડ દ્વારા કરવામાં આવશે,
- રાઉન્ડ-04 (સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ) સીટ એલોટમેન્ટનું પરિણામ જાહેર કરવામાં આવશે.
- જે ઉમેદવારોને રાઉન્ડ-04 (સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ)માં સીટ એલોટ કરવામાં આવેલ છે. ઉમેદવારે જો એલોટેડ થયેલ સીટ પર પ્રવેશ મેળવવા માંગતો હોય તો તેઓએ એડમીશન કન્ફર્મ કરવા માટે પોતાના લોગિન થી એપોઇન્ટમેન્ટ લઇ શકશે.
- ત્યારબાદ ઉમેદવારે જે તે એલોટેડ કોલેજની નિયત ટ્યુશન ફી ભરી અને અસલ પ્રમાણપત્રો પ્રવેશ સમિતિના હેલ્પ સેન્ટર પર જમા કરાવી પ્રવેશ કન્ફર્મ કરાવવા રીપોર્ટીંગ કરીને એડમિશન ઓર્ડર લેવાનો રહેશે.